જિલ્લા/નગર શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક શાળાઓમાં ગુજરાતી, હિન્દી, અંગ્રેજી માધ્યમ સિવાયની પ્રાથમિક શાળાઓ જેવી કે ઉર્દૂ, મરાઠી, સિન્ધી તેમજ અન્ય માધ્યમમાં વિદ્યાસહાયકની ભરતી કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ-૧૧૧૨-સીંગલ ફાઇલ-૭-ક,
સચિવાલય, ગાંધીનગર.
તાઃ ૨૬-૦૪-૨૦૧૨

વંચાણે લીધાઃ પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીના તા.૧૨-૪-૨૦૧૨ની સીંગલ ફાઇલ પરની દરખાસ્ત.

**પ્રસ્તાવનાઃ**

રાજયમાં તા.૦૧-૦૪-૨૦૧૦થી Right to Education Act, 2009 નો અમલ શરૂ કરવામાં આવેલ છે. તેની જોગવાઇઓ પ્રમાણે ધોરણ-૮ને પ્રાથમિક શિક્ષણ વિભાગમાં તબકકાવાર સામેલ કરવામાં આવે છે અને પ્રાથમિક શિક્ષણને બે તબકકા(a) પ્રાથમિક શિક્ષણ (ધોરણ-૧ થી ૫) અને (b) ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ (ધોરણ-૬ થી ૮)માં વહેંચવામાં આવેલ છે. Right to Education Act, 2009 ની જોગવાઇઓથી મળેલ સત્તાનુસાર NCTE એ પ્રાથમિક શિક્ષણ અને ઉચ્ચ પ્રાથમિક શિક્ષણના શિક્ષકોની લાયકાતો નકકી કરી છે અને શિક્ષક યોગ્યતા પરીક્ષા (TET) પાસ કરી હોવાનું શિક્ષક થવા માટે જરૂરી બનાવ્યું છે. ગુજરાતમાં ગુજરાતી માધ્યમ સિવાય બીજા માધ્યમો જેમ કે, અંગ્રેજી, હિન્દી, ઉર્દૂ, મરાઠી, સિન્ધી, તેલુગુ વગેરે માધ્યમની શાળાઓ છે. આ માધ્યમોના શિક્ષકોની ભરતી માટે પણ TET ફરજિયાત છે. ગુજરાતી સાથે સાથે અંગ્રેજી માધ્યમની શાળાઓ પણ બહોળા પ્રમાણમાં છે, હિન્દીની શાળાઓ પણ ઠીક ઠીક પ્રમાણમાં છે અને હિન્દી રાષ્ટ્રિય ભાષા હોઇ આ ત્રણેય માધ્યમોમાં TET લઇ શકાય છે. નિમ્ન પ્રાથમિક શિક્ષણ ( ધોરણ-૧ થી ૫ )ના શિક્ષક થવા માટે ધોરણ-૧૨ પાસ થવું અને P.T.C.થવું જરૂરી છે. તે જ પ્રમાણે

ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ માટે ઓછામાં ઓછી શૈક્ષણિક લાયકાત સ્નાતક કક્ષાની છે. આ બન્ને શૈક્ષણિક લાયકાત (ધોરણ-૧૨ અને સ્નાતક કક્ષા)ની પરીક્ષાઓ ફકત ગુજરાતી, અંગ્રેજી અને હિન્દીમાં જ ગુજરાત રાજયમાં લેવામાં આવે છે. જેથી દરેક ઉમેદવાર આ ત્રણ પૈકી એક માધ્યમ સાથે તો પરિચિત હોય છે. સાથે સાથે જે માધ્યમના શિક્ષક થવું છે અને જો આ માધ્યમ આ ત્રણ ભાષાઓ કરતા જુદી હોય તો તે માધ્યમમાં તે ભણાવી શકે અને તેનું જ્ઞાન હોય તે પણ જરૂરી છે. આ સમગ્ર બાબતોને ધ્યાનમાં લેતા જુદા જુદા માધ્યમો માટે TET કયા કયા માધ્યમમાં લેવી અને બીજા માધ્યમો માટે કેવી જોગવાઇઓ કરવી તે સમગ્ર બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. ઉપરોક્ત વિગતોને ધ્યાને લેતા જુદા જુદા માધ્યમોમાં પ્રાથમિક શિક્ષણ ( ધોરણ-૧ થી ૫) અને ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ (ધોરણ- ૬ થી ૮)ના શિક્ષક થવા માટે TET માટે સરકાર સઘન વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવે છે.

**ઠ રા વઃ-**

(૧) **ગુજરાતી, અંગ્રેજી, હિન્દી માધ્યમની પ્રાથમિક/ઉચ્ચ પ્રાથમિક શાળામાં શિક્ષક થવા માટેઃ-**

ગુજરાતી, અંગ્રેજી, હિન્દી માધ્યમની શાળાઓમાં શિક્ષક થવા માટે ગુજરાત રાજય પરીક્ષા બોર્ડ આ ત્રણે ત્રણ માધ્યમોમાં શિક્ષક યોગ્યતા પરીક્ષા (Teachers Eligibility Test-TET) લેશે અને જે ઉમેદવાર જે માધ્યમની શાળામાં શિક્ષક થવા ઇચ્છા ધરાવતા હશે તે જ માધ્યમની શિક્ષક યોગ્યતા પરીક્ષા (TET) તેઓએ પરીક્ષાના નિયમોનુસાર પાસ કરવાની રહેશે. આ ત્રણે ત્રણ માધ્યમ માટે ફકત ગુજરાત રાજય પરીક્ષા બોર્ડ દ્વારા યોજવામાં આવતી શિક્ષક યોગ્યતા પરીક્ષા જ ધ્યાને લેવામાં આવશે. કેન્દ્ર સરકારે લીધેલ Central Teachers Eligibility Test કે બીજા કોઇ રાજયમાં લેવામાં આવેલ આ પૈકી કોઇપણ માધ્યમની શિક્ષક યોગ્યતા પરીક્ષા માન્ય ગણાશે નહીં.

(૨) **<u>ઉપરોકત ત્રણ માધ્યમ સિવાય બીજા માધ્યમો જેમ કે, ઉર્દૂ, તેલુગુ, મરાઠી જેવા માધ્યમોની શાળાઓમાં શિક્ષક થવા માટે:-</u>**

ગુજરાતી, અંગ્રેજી, હિન્દી સિવાયની જે પ્રાથમિક શાળાઓ રાજયમાં આવેલી છે તે પ્રાથમિક શાળાઓમાં શિક્ષક થવા માટે ઉમેદવારે:-

(A)(i) ગુજરાત રાજય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાતી ગુજરાતી, અંગ્રેજી, હિન્દી માધ્યમની શિક્ષક યોગ્યતા પરીક્ષા પૈકી કોઇપણ એક માધ્યમ લઇને શિક્ષક યોગ્યતા પરીક્ષા પાસ કરવાની રહેશે અને

(ii) જે માધ્યમની શાળામાં શિક્ષક થવા ઇચ્છતા હોય તે માધ્યમની કોઇપણ શાળામાં ધોરણ-૧૦ સુધી ભણેલા હોવા જોઇએ અથવા/અને ધોરણ-૧૧ અને ૧૨માં તે માધ્યમ એક વિષય તરીકે લીધેલ હોવા જોઇએ અથવા P.T.C.ની પરીક્ષા જે તે માધ્યમમાં પાસ કરેલી હોવી જોઇએ.

અથવા

(B) ગુજરાત રાજય સિવાય અન્ય કોઇપણ રાજયમાં લેવાયેલ શિક્ષક યોગ્યતા પરીક્ષા અથવા CBSE બોર્ડ દ્વારા લેવામાં આવતી કેન્દ્રીય શિક્ષક યોગ્યતા પરીક્ષા ( Central Teachers Eligibility Test) જે તે માધ્યમમાં શિક્ષક યોગ્યતા પરીક્ષા પાસ કરેલી હોવી જોઇએ.

દા.તઃ કોઇ ઉમેદવારને ઉર્દૂ માધ્યમની શાળામાં પ્રાથમિક/ઉચ્ચ પ્રાથમિક શિક્ષક થવું હોય તો તેઓએ ગુજરાતમાં લેવાતી ગુજરાતી, અંગ્રેજી અથવા હિન્દી માધ્યમની TET પાસ કરવી પડશે અને ધોરણ-૧૦ સુધી ઉર્દૂ માધ્યમની શાળામાં અભ્યાસ કરેલો હોવો જોઇશે અથવા ધોરણ-૧૧ અને ૧૨માં એક વિષય તરીકે લીધેલ હોવો જોઇએ. ગુજરાતની આ ત્રણેય માધ્યમોની શિક્ષક યોગ્યતા પરીક્ષા પાસ ના કરી હોય તો ઉર્દૂ માધ્યમમાં બીજા કોઇપણ રાજયમાં શિક્ષક યોગ્યતા પરીક્ષા લેવાતી હોય તો તે અથવા કેન્દ્રીય શિક્ષક યોગ્યતા પરીક્ષા (Central Teachers Eligibility Test) ઉર્દૂ માધ્યમમાં પાસ કરેલી હોવી જોઇએ.

શિક્ષક થવા માટે તા.૨૭-૪-૨૦૧૧ના ઠરાવ અને તેમાં થયેલ વખતોવખત સુધારા પ્રમાણેની લાયકાતો અને શિક્ષક યોગ્યતા પરીક્ષાના નિયમો યથાવત રહેશે, જે ઉમેદવારે સંતોષતા હોવા જોઇએ.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ.બી.ગરાસિયા)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર(પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજય કક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(પ્રા.શિ.)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના તમામ વિભાગો, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, શાળાઓ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન તથા મધ્યાહન ભોજન યોજના, સેકટર-૧૭, ગાંધીનગર.
- નિયામકશ્રી, નિરંતર શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી. ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, ગુજરાત રાજય પાઠય પુસ્તક મંડળ, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, ગુજરાત રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગર પાલિકા અને નગર પંચાયત.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર તરફ રાજયના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધિ અર્થે.
- શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ.
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર(ઓનલાઇન મૂકવા સારૂ)
- સિલેકટ ફાઇલ/નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ, ક-શાખા.